R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવકાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 06 DATE: 09-02-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## શારદા ચીટ ફંડ કેસમાં સીબીઆઇની ટીમ કોલકોતાના પોલીસ કમિશ્નરની ધરપકડ કરવા પહોચી : મમતા બેનરજીએ કેન્દ્ર સામે ખુલ્લો બળવો નોધાવ્યો

શારદા ચીટ ફંડ કેસમાં કાર્યવાહીમાં કોલકોતા પોલીસ કમિશ્નર રાજીવકુમારની પુછપરછ કરવા તેમના નિવાસસ્થાને પહોચી પરંતુ ત્યાં સીબીઆઈની ટીમની પશ્ચિમ બંગાળની પોલીસે અટકાયત કરતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે અત્યંત તણાવભરી સ્થિતિ સર્જાઇ હતી.સીબીઆઈની ટીમ અનો કોલકોતા પોલીસ વચ્ચે ઝપાઝપીની નોબત આવી ગઈ હતી. સીબીઆઈ ટીમની કોલકોતા પોલીસે અટકાયત કર્યા પછી વિદ્યાનગર પોલીસ મથક પોલીસો કોલકોતામાં આવેલા સીબીઆઈ સંકુલ સીજીઓ કોમ્પલેક્ષનો કબજો લઈ લીધો હતો.સ્થાનિક પોલીસ સીબીઆઈના સંયુક્ત ડિરેકટરની ધરપકડ કરવા તેમના ઘેર પહોચી ગઈ હતી. આ ઘટનાક્રમ વચ્ચે મમતા બેનરજી પોતે પોલીસ કમિશ્નરના નિવાસે પહોચી ગયા હતા.અનો ત્યાં પોલીસ અધિકારીઓ સાથે બેઠક શરુ કરી દીધી હતી.બેઠકમાં રાજયના પોલીસવડા પણ પહોચી ગયા હતા.બેઠકમાં કોલકોતાના મેયર ફિરહાદ હકીમ પણ જોડાયા હતા.

મોદી હટાવો દેશ બચાવો નું સુત્ર આપતાં મમતા બેનરજીએ કહ્યુ હતું કે દેશના બંધારણને બચાવવા તેઓ સીધા જ મેટ્રો સ્ટેશન બહાર પહોચીને ધરણા પર બેસશે. પોલીસ કમિશ્નરના નિવાસસ્થાન બહાર પત્રકાર પરિષદ પુરી થતાં મમતા બેનરજીએ મેટ્રો સ્ટેશન બહાર પહોચીને ધરણા શરુ કર્યા હતા. મમતા બેનરજીએ ધમકી ઉચ્ચારી હતી કે હું ધરણા પર બેસી રહી છું અને રાજ્ય વિધાનસભામાં રજુ થનારુ બજેટ રજુ નહી કરું.રોઝવેલી અને શારદા પોન્ઝી કૌભાંડ કેસમાં સીબીઆઈએ કોલકોતા પોલીસ કમિશ્નરને નિવેદન આપવા માટે બોલાવ્યા પછી મુખ્ય પ્રધાન મમતા બેનરજી પોલીસ કમિશ્નરના બચાવમાં આવ્યા હતા.તેમણે ભાજપ પર બદલાની ભાવના સાથે રાજકારણ રમવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યુ હતું કે પોલીસ કમિશ્નર વિશ્વની સૌથી સારી વ્યક્તિઓમાંની એક છે. તેઓ સતત કામ કરતા રહ્યા છે. અને કે દિવસની રજા લીધી નથી. તેમણે ટ્વિટ કરતાં જણાવ્યુ હતું કે ભાજપ બદલાની ભાવનાથી કામ કરી રહ્યો છે.રાજકીય પક્ષો જ નહીં પણ પોલીસ પોતાના નિયંત્રણમાં લેવા માટે સંસ્થાનોને ભાજપ બરબાદ કરી રહ્યો છે.તુણમુલ કોગ્રેસના નેતા ડેરેક બ્રાયને કહ્યુ હતું કે ભાજપ રાજ્યમાં રોકટોક વિના તખ્તા પલટાનું આયોજન કરી રહ્યો છે.રોકટોક વિના સંસ્થાનોનો વિનાશ ચાલી રહ્યો ચે. લોકશાહી બચાવવા તમામ વિપક્ષો એક થાય તે જરુરી છે.

જો કે તમામ વિપક્ષોએ એકઠા થઈને મમતા બેનરજીને પોતાનો ટેકો જાહેર કર્યો છે.પશ્ચિમ બંગાળમાં ભાજપ પોતાનો પગ મજબુત કરવા માટે રેલીઓ અનો સભાઓનું આયોજન કરેલું પરંતુ મમતા બેનરજી અને પોલીસ દ્વારા તે યોજી શકાય તેમ નથી તેવા કારણો આપવામાં આવ્યા અને કોર્ટે તે માટે પરમીશન આપી નહોતી. ત્યારબાદ વડાપ્રધાને તાજેતરમાં એક રેલી યોજી હતી પરંતુ તેમાં વ્યાપક અરાજકતાએ વડાપ્રધાને રેલીમાંથી જતા રહેવુ પડ્યુ તે અપમાનનો બદલો પોલીસ કમિશ્નરની ધરપકડથી લેવાનો કારશો રચાયો હશે ?

## લોકસભાની ચુંટણીઓ પહેલાં ભારતમાં સાંપ્રદાયિક હિંસા ભડકાવવાની આશંકા

અમેરિકાની જાસુસી એજન્સીના વરિષ્ઠ અધિકારીએ ભારતમાં આ વર્ષે યોજાનાર લોકસભાની ચુંટણીઓ પહેલાં સાંપ્રદાયિક હિંસા ભડકાવવાની આશંકા વ્યક્ત કરી છે. જાસુસી એજન્સીના ડાયરેકટર ડેન કોટ્સે અમેરિકી સેનેટ(સંસદ)માં રજુ કરેલા રિપોર્ટમાં આ ગંભીર બાબતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે અમેરિકી સાંસદોને જણાવ્યુ હતું કે સત્તાધારી ભાજપ એપ્રિલ-મે(૨૦૧૯)માં દેશમાં યોજાનાર સામાન્ય ચુંટણી પહેલાં હિદુ રાષ્ટ્રવાદ પર જોર આપતો રહેશે તો સાંપ્રદાયિક હિંસાની આશંકા પ્રબળ છે.

ઉપરાંત ભારત અને ચીન વચ્ચે આ વર્ષે સબંધો તણાવપુર્ણ રહેવાની શક્યતાઓ પણ તેમણે દર્શાવી છે.ભારત-ચીન વચ્ચે સબંધો સુધારવા ભારતના વડાપ્રધાન મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગના પ્રયાસો છતાં સબંધોમાં તણાવ યથાવત રહેશે. એમ તેમણે કહ્યુ છે. કોટ્સે પાકિસ્તાન અંગે કહ્યુ છે કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી જુથો ભારત અને અફઘાનિસ્તાન સિવાય અમેરિકી હિતોની વિરુધ્ધ હુમલાની યોજના બનાવવા અને અંજામ ાપવા માટે પાકિસ્તાનમાં પોતાને મળતી સુવિધાનો ફાયદો ઉઠાવવાનું ચાલુ રાખશે.કોટ્સે જાસુસી મુદ્દાઓ પર સંસદની સિલેક્ટ કમિટિના સભ્યોને જણાવ્યુ હતું કે પાકિસ્તાન સમર્થિત આતંકવાદી જુથો ભારત,અફઘાનિસ્તાન અને અમેરિકી હિતો વિરુધ્ધ હુમલાની યોજના બનાવીને અને અંજામ આપવા માટે પાકિસ્તાન થકી મળતી મદદનો ફાયદો લેવાનું ચાલુ રાખશે.કોટ્સ અને અન્ય અમેરિકી જાસુસી એજન્સીઓના પ્રમુખ વિશ્વવ્યાપી ખતરા પર પોતાના આકલનને લઈને જાસુસી મુદ્દા પર સેનેટની સિલેક્ટ કમિટી સમક્ષ રજુ થયા હતા અને એ સમયે ઉપરોક્ત ખુલાસો કર્યો હતો.તેમણે એમ પણ કહ્યુ હતું કે ભારત અને પાકિસ્તાનના પરમાણું કાર્યક્રમોનો નિરંતર વિકાસ અને વૃધ્ધિના કારણે દક્ષિણ એશિયામાં પરમાણું સુરક્ષા સબંધિત ઘટનાઓની આશંકા વધી ગઈ છે.અહી નોધવું રહ્યુ છે કે સિલેક્ટ કમિટી સમક્ષ રજુ થનાર મુખ્ય અધિકારીઓમાં ડેન કોટ્સ સિવાય તાજેતરમાં ભારતની યાત્રા કરીને પરત અમેરિકા ગયેલા સીઆઈએના ડાયરેક્ટર જિના હેસ્પલ,એફબીઆઈ ડાયરેક્ટર ક્રિસ્ટોફર રે અને અમેરિકી ડિફેન્સ ઈન્ટેલીજન્સ એજન્સીના ડાયરેક્ટર રોબર્ટ એશ્લી પણ સામેલ હતા.

## એપ્રિલથી એચ- ૧બી વિઝાના નવા નિયમો યુએસની ડીગ્રી ધરાવનારને અગ્રીમતા અપાશે : ભારતીય પ્રોફેશનલ્સને ફટકો પડશે

અમેરિકાની હોમલેન્ડ સિક્યોરીટી દ્વાર આખરે એચ-૧બી વિઝાના નવા નિયમો જારી કરવામાં આવ્યા હતા.જેમાં વર્ષો લગી જુની લોટરી સિસ્ટમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.એપ્રિલથી અમલમાં આવનાર નવા નિયમોમાં એચ-૧બી વિઝા માટે યુએસમાં માસ્ટર્સ ડીગ્રી કે ઉચ્ચ ડીગ્રી ધરાવનાર વિદેશી કે ઈમીગ્રન્ટસને અગ્રતા આપવામાં આવશે.પરિણામે ભારતીય ઉચ્ચ કુશળતા ધરાવતા પ્રોફેશનલ્સને ફટકો પડશે. યુએસની ઉચ્ચ ડીગ્રી નહી ધરાવનાર ભારતીયો માટે એચ-૧બી વિઝા મેળવવાનું મુશ્કેલ બનશે.વિઝા આપવા માટે રેગ્યુલર લોટરી સિસ્ટમ હાથ ધરાશે પણ યુએસની માસ્ટર્સ ડીગ્રી કે ઉચ્ચ ડીગ્રી ધરાવનારને પ્રાધાન્ય અપાશે.

યુએસ સીટીઝનશિપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસીસના ડિરેક્ટર ફ્રાસિસ સિસ્નાના જણાવ્યા મુજબ નવી સિસ્ટમ વધુ કાર્યદક્ષ, અસરકારક અને વધુ ટેલેન્ટેડ લોકોને એચ -૧બી વિઝા મેળવવા ઉપયોગી બનશે.મહત્તમ મર્યાદાને આધીન અરજદારે એચ-૧બી વિઝા મેળવવા ઈલેક્ટ્રોનિક રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેમનું રજીસ્ટ્રેસન પસંદ કરાયું હશે તેમણે જ વિઝા માટે પીટીશન કરવાની રહેશે. જો કે ફકત એક વર્ષ માટે એટલે કે ૨૦૨૦ની સિઝન માટે ઈલેક્ટોનિક રજીસ્ટ્રેશન સિસ્ટમ સ્થગિત રખાઈ છે. દર વર્ષે ૬૫,૦૦૦ એચ-૧બી વિઝા અપાય છે.

હાલ માસ્ટર્સ ડીગ્રી ધરાવનાર માટે પહેલાં લોટરી કરાય છે. અને તેમાં બાકાત રહેલા લોકોની બીજા તબક્કાની લોટરી સિસ્ટમમાં રેન્ડમ પસંદગી કરાય છે.નવી સિસ્ટમમાં ટ્રમ્પ સરકારની નીતિ મુજબ બાય અમેરિકન-હાયર અમેરિકનનો અમલ કરાશે અને યુએસની ઉચ્ચ ડીગ્રી ધરાવનારને પહેલાં પસંદ કરાશે.

## અયોધ્યાની બિનવિવાદિત ૬૭ એકર જમીન સોપવા કેન્દ્ર સરકારની સુપ્રીમમાં અરજી : લોકસભાની ચુંટણી પહેલા રામમંદિરના નિર્માણ માટેનો ઇરાદો

અયોધ્યામાં વિવાદાસ્પદ જમીન અંગેના ખટલામાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં વિલંબ થઈ રહ્યો છે.તેવા આરોપો મધ્યે રામમંદિરના નિર્માણ માટે ચોતરફથી ભારે દબાણનો સામનો ભાજપની કેન્દ્ર સરકાર કરી રહી છે.તેના ઉકેલ માટે સરકારે એક પ્લાન તરીકે ૬૭ એકર જમીન તેના માલિકોને પરત આપવા માટેની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે.રામજન્મભુમિ-બાબરી મસ્જીદની વિવાદાસ્પદ ૨.૭૭ એકર જમીનની આસપાસની સરકાર દ્વારા સંપાદિત કરાયેલી ૬૭ એકર જમીન અસલ માલિકોને સુપરત કરવાની પીટીશન સરકારે સુપ્રીમ કોર્ટમાં કરી છે. કેન્દ્ર સરકારે પીટીશનમાં જણાવ્યુ હતું કે વિવાદાસ્પદ વિસ્તારની સમીક્ષા માટે જરુરી જમીનનું ચોક્કસ માપ કાઢ્યા પછી રામજન્મભુમિ-બાબરી મસ્જીદ વિસ્તારની આસપાસ બિનજરુરી રીતે સંપાદિત કરાયેલી વધારાની ૬૭ એકર જમીન તેના સાચા માલિકોને સુપરત કરી દેવાની પરવાનગી આપવામાં આવે.

સરકારનો ઈરાદો બિનવિવાદીત જમીન ગ્રહણ કરીને ત્યાં મંદિરનું કામકાજ શરુ કરવામાં આવે તો સરકારે રામમંદિરના નિર્માણનો પ્રયાસ કર્યો છે તેવું માની શકાય અને તેનો લાભ લઈ શકાય.

નવકાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

શારદા ચીટફંડના કેસોની તપાસના મામલે સીબીઆઇ અને મમતા સરકાર વચ્ચે મચેલા ધમસાણનો અંત લાવતાં સુપ્રીમ કોર્ટે કોલકોતાના પોલીસ કમિશ્નર રાજીવકુમારને સીબીઆઇ સમક્ષ પુછપરછ માટે હાજર થવાનો આદેશ આપ્યો અને રાજીવકુમારની ધરપકડ સહિતના આકરાં પગલાં લેવા સામે રોક લગાવી દીધી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ જણાવ્યુ હતું કે અમે રાજીવકુમારને સીબીઆઇ સમક્ષ પુછપરછમાં હાજર થવા અને સીબીઆઇને પ્રમાણીકતાથી સહકાર આપવા આદેશ આપીએ છીએ.સુપ્રીમ કોર્ટે શિલોંગમાં સીબીઆઇ સાથે મુલાકાત યોજવાનો નિર્દેષ જારી કર્યો હતો.

મમતા બેનરજીએ તેમની સરકારના પોલીસ અધિકારીને કેન્દ્રની સરકાર દ્વારા જે રીતે પકડમાં લેવા પ્રયત્ન કરાયો તે દેશના ઈતિહાસમાં કલંકિત ઘટના છે.પોલીસ કમિશ્નર કોઈ અપરાધી નથી.તેમજ તેઓ સીટના અધ્યક્ષ હતા અને તેમણે આ કૌભાંડની તપાસ પણ કરેલી છે.જે મુદ્દાઓ ઉપસ્થિત કરીને કેન્દ્રીય એજન્સીએ પગલાં લેવાનો કારસો રચ્યો તેની પાછળ ગંદા અને કલુષિત રાજકારણની ગંધ આવે છે.છેલ્લા કેટલાક દિવસોથી પશ્ચિમ બંગાળમાં પગપેસારો કરવા માટે ભાજપના બે નેતાઓ તરફથી ભારે મહેનત કરવામાં આવી રહી છે. જેમાં વડાપ્રધાન મોદી સત્તાની હેસીયતથી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સત્તારુઢ પાર્ટીના અધ્યક્ષના નાતે મમતા બેનરજી અને ત્યાંની સ્થાનિક કાયદો વ્યવસ્થા જાળવણી કરનાર ફોર્સની સાથે ભીડાયા છે.અને ગમે તે ભોગે પશ્ચિમ બંગાળમાં મમતાના ગઢમાં ગાબડું પાડવા માટે ભગીરથ પ્રયત્નો માં લાગી ગયા હતા. પશ્ચિમ બંગાળની સરકારે તેમના હેલીકોપ્ટરો ને ઉતરવા માટેની પરવાનગી આપી નથી. તો તેમણે સત્તાનો ઉપયોગ કરીને બીએસએફના એરપોર્ટનો ઉપયોગ કર્યો છે.જે સત્તાના દુરપયોગ સમાન છે.દેશમાં હાલમાં ચાલી રહેલ વાતાવરણમાં કેન્દ્રમાં ફરીથી સત્તારુઢ થવાય તેવા એંધાણમાં કમી આવી રહી છે.જેથી યેનકેન પ્રકારે પશ્ચિમ બંગાળની ૩ર સીટો મેળવવા ભાજપના બે નેતાઓ મરણીયા પ્રયાસો કરી રહ્યા છે. જે માટે થઈને તેમણે સીબીઆઇનો દુરપયોગ કર્યો છે તેવું મનાઈ રહ્યું છે.હાલમાં સીબીઆઇ શું કરી રહી છે તે દેશની જનતાથી અજાણ નથી.સત્તારુઢ પાર્ટી આ એજન્સીનો ભારે દુરપયોગ કરી રહી છે તેવો મમતાનો આરોપ છે.જો કે સુપ્રીમ કોર્ટે આપેલા આદેશથી મમતાએ નૈતિક વિજય મળ્યો છે તેમ કહીને ધરણા નો અંત આવ્યો તે સારુ છે. જો કે કોર્ટે કોલકોતા જ સીબીઆઇને પુછપરછ માટે સ્થળ આપ્યું હો ત તો વધારે યોગ્ય ગણાત.

છેલ્લા ચાર વર્ષોમાં ભાજપના સત્તારુઢ પક્ષના નેતાઓએ તેમની સામે વિરોધપક્ષના સસક્ત નેતાઓને સીબીઆઇ દ્વારા કેસો કરી ફસાવી દેવા અને કોર્ટમાં ઘસડી જવાના આદરેલા પ્રયત્નોથી એક વાત જરુરથી સાબિત થાય તેમ છે કે છેલ્લા ચારવર્ષમાં આ સરકાર પાસે લોકો પાસે જવા માટે કોઈ નક્કર કામગીરી નથી.નોટબંધી,જીએસટી અને અને એવી બાબતો છે જે તેમને ફરીથી સત્તા પર આવતી રોકી શકે તેમ છે. પરંતુ જો વિપક્ષને થાળે પાડી દેવાય કે ખતમ કરી દેવાય,કોર્ટ કેસોમાં ઘસડીને કાયદાકીય બાબતોમાં ગુંચવી અને ચુંટણીમાં અલગ કરી શકાય તો સત્તાની ખુરશી મળે તેવુ વિચારતી ગંદી રાજનીતી રમનાર સત્તારુઢ પક્ષને મમતાએ શિકસ્ત આપી છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગણતંત્રની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ત્રણ મહાન હસ્તીઓને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની જાહેરાત કરી

ગણતંત્ર દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ત્રણ મહાન હસ્તીઓને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન’ભારત રત્ન‘ આપવાની જાહેરાત કરી છે. દેશના નિષ્ઠાવાન સમાજસેવક નાનાજી દેશમુખ (મરણોત્તર) મશહુર ગાયક ભુપેન હજારીકા અને પુર્વ રાષ્ટ્રપતિ અને રાજનેતા પ્રણવ મુકરજીને ‘ભારત રત્ન’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે.જે દેશની અસાધારણીય સેવા બદલ પ્રદાન કરવામાં આવે છે. ભારત રત્નની જાહેરાત બાદ વડાપ્રધાન મોદીએ ત્રણેય મહાન હસ્તીઓની પ્રશંસા કરી હતી.મોદીએ કહ્યુ હતું કે પ્રણવ દા અમારા સમયના ઉત્કૃષ્ટ રાજનેતા છે.તેમણે દાયકાઓ સુધી દેશની નિસ્વાર્થ સેવા કરી છે. ભુપેન હજારીકાએ ગીત-સંગીતની પેઢીઓથી લોકો દ્વારા સરાહના થઈ છે. એનાથી ન્યાય સોહાર્દ અને ભાઈચારાનો સંદેશ ફેલાય છે.

ગ્રામીણ વિકાસ માટે નાનાજી દેશમુખનું મહત્વપુર્ણ પ્રદાન આપણા ગામમાં રહેનાર લોકોને સશક્ત બનાવવા માટે નવા પ્રતિમાનનો માર્ગ



દેખાડ્યો છે.અહીયા નોધવું રહ્યુ કે ભારત રત્ન માટે પ્રણવ મુકરજીની પસંદગીથી રાજકીય વર્તુળોમાં વિસ્મય પેદા થયું છે.દેશના દ્રીતીય ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન પધ્મ વિભુષણ પુરસ્કારથી લોક-સાહિત્ય કલાકાર તિજનબાઈ,ઈસ્માઈલ ઓમર ગૌલેહ(પબ્લીક એફેર્સ)એલ એન્ડટીના ચેરમેન એમ.કે.નાઈકનું સન્માન થશે.જ્યારે પધ્મભુષણ પુરસ્કારથી ૧૪ મહાન ભારતીયોનું સન્માન થશે.જેમાં સુખદેવ ધીંડસા,ધર્મપાલ ગુલેટી,અશોક કુકાડે, પ્રવીણ ગોરધન,મહાશય ધરમપાલ ગુલાંટી,કરીયા મુંડા,બધાદિત્યા મુખરજી,મોહન વિશ્વનાથન નાયર,એસ.નામ્બી નારાયણ,કુલદી. નાયર(મરણોત્તર) બચેન્દ્રી પાલ, વીકે સુંગલુ, અને સાંસદ હુકમદેવ નારાયણ યાદવ છે.પધ્મશ્રી માટે વિવિધ ક્ષેત્રોના ૯૪ મહાનુભાવોની પસંદગી થઈ છે જેમાં અભિનેતા મનોજા બાજપાઈ,ક્રિકેટર ગૌતમ ગભીર,અભિનેતા કાદરખાનમરણોત્તર) સામેલ છે.

આ પહેલાં વર્ષ ૧૯૯૯માં સિતારવાદક પંડિત રવિશંકર, અર્થશાસ્ત્રી અમર્ત્યસેન, અને સ્વતંત્રતા સેનાની ગોપીનાથ બોરદોલાઈની ભારત રત્ન માટે પસંદગી થઈ હતી.

# ‘ભારત રત્ન’ આપવા બાબતે શિવસેનાએ સરકાર સામે વિરોધ કર્યો

એનડીએમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ પણ ભારત રત્ન આપવા બાબતે સવાલ ઉઠાવ્યા હતા.શિવસેનાના નેતા સંજય રાઉતે કહ્યુ છે કે અમારા બધાના ભાષણનો મુખ્ય મુદ્દો એ હોય છે કે ૬૦ વર્ષમાં કોગ્રેસ કંઈ કર્યુ નથી અને પ્રણવ મુકરજી એ જ કોગ્રેસ કલ્ચરમાંથી આવે છે.ભાજપ હિદુત્વની વાત કરે છે પણ એના પર કામ કરતી નથી.જો ભાજપ હિદુત્વવાદી છે તો દેશના પ્રખર હિદુત્વવાદી નેતા વીર સાવરકર જે પચાસ વર્ષ જેલમાં રહ્યા તેમને ભારત રત્ન આપવો જોઈએ.વીર સાવરકરને ભારત રત્ન આપવાની માંગ જ્યારે ભાજપ વિપક્ષમાં હતો ત્યારથી થઈ રહી છે. હવે સત્તામાં છે બધુ તેમના હાથમાં છે તો સાવરકરને ભારત રત્ન કેમ આપવામાં આવ્યો નથી.

જ્યારે યોગગુરુ રામદેવે કહ્યુ હતું કે પાછલા ૭૦ વર્ષમાં એકપણ સંન્યાસીને ભારત રત્ન આપવામાં આવ્યો નથી.પછી એ મહર્ષિ દયાનંદ,સ્વામી વિવેકાનંદ કે શિવકુમાર સ્વામી હોય.તેમણે કહ્યુ હતું કે મધર ટેરેસાને એટલા માટે એ પુરસ્કાર આપવામાં આવ્યો હતો કે તેઓ ખ્રિસ્તી હતાં.પણ સંન્યાસીઓને આ પુરસ્કાર નથી અપાયો. તેમણે સવાલ કર્યો હતો કે શુ ભારતમાં હિંદુ હોવું ગુનો છે.જો કે ભાજપના સાથીઓ તેમની નીતિઓનો વિરોધ કરી રહ્યા છે.

જો કે વારંવાર મધર ટેરેસા માટે કહેવામાં આવે છે કે તેઓ ખ્રિસ્તી હતા માટે તેમને માન મળ્યું પરંતુ તેઓ સાથે સાથે સંન્યાસી હતા અને સંન્યાસીને શોભે તેવા કાર્યો કર્યા હતા.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર **બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# જ્યોર્જ ફર્નાંડીઝ, એક ટ્રેડ યુનિયન લીડર, સામાજીક ચળવળકાર,રાજકારણી અને માસ નેતાનું ૮૮ વર્ષની ઉંમરે નિધન

એક ફાયર બ્રાન્ડ ટ્રેડ યુનિયનના નેતા અને સામાજીક કાર્યકર્તા જ્યોર્જ ફર્નાંડીઝ એવા જુજ નેતાઓમાંથી એક હતા કે જેઓ જાતિ, ધર્મ અને ધાર્મિક ઓળખથી પર હતા.અને પોતાની એક નવી ઓળખ બનાવી હતી તેમજ લોકોમાં સર્વ સ્વીકૃત હતા.આ જ ખાસિતયને કારણે તેઓ ભારતીય રાજકારણમાં એક અમીટ છાપ છોડી શક્યા હતા.૧૯૩૦માં મેગલુરમાં એક ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા ફર્નાંડિઝ કોગ્રેસ વિરોધી નેતા હતા.૯૦ના દાયકામાં ભાજપ સાથેનુ તેમનું ગઠબંધન રાજકારણમાં ભગવા પક્ષની થતી બાદબાકીનો અંત આવ્યો હતો.કેમકે ઘણા ધર્મનિરપેક્ષ પક્ષો તેમને અનુસરતા હતા.અને એ પછી જ અટલ બિહારી બાજપેયીના નેજા હેઠળ ભાજપ બે વખત સત્તા પર આવ્યો હતો.

ગરીબોના મસીહા તરીકે ઓળખાતા ફર્નાંડીઝ ૧૦ ભાષાના જાણકાર હતા.તેઓ હિન્દી અને અંગ્રેજી ઉપરાંત તામિલ,મરાઠી,કન્નડ,ઉર્દુ, મલયાલી,તુલુ,કોંકણી અને લેટીન ભાષા પણ બોલતા હતા.જ્યોર્જ છ ભાઈ-બહેનમાં સૌથી મોટા હતા.માત્ર ૧૬ વર્ષની વયે પાદરી બનવાનું શિક્ષણ લેવા



માટે તેઓ એક ખ્રિસ્તી મિશનરીમાં મોકલવામાં આવ્યા હતા.પરંતુ તેમણે ચર્ચ છોડી દીધું હતું. એવું કહેવાય છે કે કે તેઓ જે વખતે ચર્ચમાં પાદરીનું શિક્ષણ લઈ રહ્યા હતા ત્યારે ત્યાંનો પાખંડ જોઈને તેમનો મોહભંગ થયો હતો.એ પછી તેઓ રોજગાર માટે મુંબઈ જતા રહ્યા હતા.

જ્યોર્જ ફન્નાડીઝનું જીવન સંપુર્ણ સંઘર્ષમય હતું. તેઓ ચોપાટી પર સુઈ રહેતા હતા.એ વખતે તેઓ સોશ્યાલીસ્ટ પાર્ટી અને ટ્રેડ યુનિયનોના આંદોલનોમાં સતત જતા હતા.તેમનો શરુઆતનો સ્વભાવ એક બળવાખોર તરીકેનો હતો.રામ મનોહર લોહીયા તેમના પ્રેરણા રહ્યા હતા.૧૯૫૦માં ફન્નાડીઝ ટેક્સી ડ્રાઈવર યુનિયનના બાદશાહ બની ચુક્યા હતા.તેમની વેશભુષા અને દેખાય અનોખો હતો.વિખરેલા વાળ,પાતળા ચહેરાવાળા ફર્નાંડીઝ ખાદીના ઝભ્ભા પાયજામા,ઘસાયેલી ચંપલો તેમની ઓળખ બની ગઈ હતી.પહેલી નજરમાં તેઓ એક્ટીવિસ્ટ દેખાતા હતા.એક સમય એવો આવ્યો કે ફર્નાંડીઝ બદમાશ અને તોડફોડ કરનાર વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થઈ ગયા હતા.પરંતુ બીજી બાજુ તેઓ ગરીબોના હીરો બની ગયા હતા.૧૯૬૭માં ફર્નાંડીઝ પહેલી વખત લોકસભાની ચુંટણીમાં ઉતર્યા અને કોગ્રેસના દિગ્ગજ નેતા એસ.કે પાટિલને પરાજય આપી દીધો અને એ પછી તેઓ જ્યોર્જ ધ જાયંટ કિલર તરીકે ઓળખાવા લાગ્યા.જ્યોર્જની મુલાકાત લૈલા કબીર સાથે એક હવાઈ યાત્રા દરમિયાન થઈ હતી. લૈલાના પિતા હમાયુ કબીર પુર્વ કેન્દ્રીય મંત્રી રહી ચુક્યા હતા.તેઓ લૈલાના પ્રેમમાં પડ્યા અને લગ્ન પણ કર્યા.તેઓથી એક દીકરો જન્મ્યો જે યુ.એસમાં છે.લૈલા જ્યોર્જને છોડી ગયા તેની પાછળ જ્યોર્જની જયા જેટલી સાથેની નજદીકીયા કારણભુત બની હતી.

જ્યોજની એનડીએ શાશનમાં મંત્રી તરીકે નિયુક્તિ થઈ ત્યારે પણ કોઈપણ વ્યક્તિ જ્યોર્જને મળી શકતો હતો. તેમના ઘર પર કોઈપણ વ્યક્તિ રોકટોક વગર જઈ શકતો હતો.તેઓ તેમને મળવા આવતા તમામ વ્યક્તિઓને સાંભળતા અને ત્વરીત રીતે તેની મદદ કરી શકે માટે પ્રયત્ન કરતા હતા.જ્યોર્જ સાચા અર્થમાં એક મજદુર નેતા તરીકે જ જીવ્યા હતા. તેમના આદર્શો હાલના મજદુર નેતાઓએ સમજવા જેવા છે. તેમણે ક્યારેય પોતાની મહત્તા,કે ખુરશી મોહને મહત્વ આપ્યું નહોતું. એક આદર્શ મજદુર નેતા આ દેશના મજદુરોએ ગુમાવ્યો છે તેનો રંજ રહેશે.તેઓ આજીવન લોકસેવક રહ્યા તેમને છેલ્લી સલામ.

## કોગ્રેસ સત્તામાં આવશે તો મહિલા અનામત બિલ તરત પસાર કરાશે

લોકસભાની ચુંટણી પહેલા મતદારોને આર્કષવા માટે કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એક મોટું વચન આપ્યું છે. ગરીબોને લઘુત્તમ આવક આપવાનું વચન આપ્યા બાદ બીજુ વચન આપ્યું છે કેતેઓ મહિલા અનામત બિલને પસાર કરશે.તેમણે મહિલાઓની રાજનીતીમાં ભાગીદારી અંગે કહ્યુ હતું કે અમે દરેક ચુંટણીમાં સુનિશ્ચિત કરી શું કે યુવાનો અને મહિલાઓ કોગ્રેસમાં વધુ ને વધુ જોડાય. હું મહિલાઓની વધુ ને વધુ ભાગીદારી જોવા માંગુ છું.ઉલ્લેખનીય છે કે મહિલા અનામત બિલનો ઉદેશ્ય લોકસભા અને રાજ્ય વિધાનસભામાં મહિલાઓની ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવાનો છે. તેઓ કેરળના કોચિનમાં કાર્યકર્તાઓને સંબોધિત કરી રહ્યા હતા.

# અમેરિકાના ૩૫ દિવસના સૌથી લાંબા શટ ડાઉનનો અંત : આખરે પ્રમુખ ટ્રમ્પ ચારેબાજુના દબાણથી ઝુકી ગયા

અમેરિકાના ૩૫ દિવસના અત્યાર સુધીના સૌથી લાંબા શટડાઉનનો આખરે અંત આવ્યો છે.પ્રમુખ ટ્રમ્પ ઉપરા ચારેબાજુએથી દબાણ થતાં તેમને લોકોની માંગણી સામે ઝુકી જવું પડ્યું છે.ટ્રમ્પે સરકારી ખાતાઓ રિઓપન કરતાં અને આંશિક શટડાઉનનો અંત લાવતા બિલ પર સહી કરી હતી.મેકસિકો વોલ માટે ટ્રમ્પે અમેરિકી કોગ્રેસ સમક્ષ૫.૭૦ અબજ ડોલરના ફંડની માંગણી કરી હતી. જેનો ઈન્કાર કરતાં ૨૨ ડિસે.થી ટ્રમ્પે સરકારી ખાતાઓ બંધ કરતાં આશિક શટડાઉનની જાહેરાત કરી હતી.શટ ડાઉનના અંતનો ડેમોક્રેટ્સનો રાજકીય વિજય માનવામાં આવે છે.શટડાઉનનો અંત લાવતાં બિલ પર રિપબ્લીકન્સની બહુમતી ધરાવતી સેનેટ અને ડેમોક્રટેસની બહુમતી ધરાવતા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં વિના



વિરોધે પસાર કરવામાં આવ્યું હતું.મેકસિકોની બોર્ડર માટેની વાટાઘાટનો માર્ગ ખુલ્લો થયો છે. યુએસમાં ૩૫ દિવસના લાંબા શટડાઉનથી યુએસ ઈકોનોમીને ૬ અબજ ડોલરનું નુકશાન થયું હતું જે ટ્રમ્પની દિવાસ માટે ૫.૭૦ અબજી ડોલરની માંગણી કરતાં યુએસ ઈકોનોમીને ૩૦,૦૦૦ ડોલરનું વધુ નુકશાન થયું છે.

## ફીલીપાઇન્સમાં કેથેડ્રલમાં બે બ્લાસ્ટ થયાં, ૨૭ ના મોત નિપજ્યા

ફીલીપાઈન્સના ટાપુ શહેર મિડોના ખાતે આવેલા રોમન કેથોલીક જોલો કેથેડ્રલમાં લોકો રવિવારે સમુહ પ્રાર્થના માટે એકઠા મળ્યા હતા ત્યારે થયેલા બે બોમ્બ વિસ્ફોટમાં ૨૭ લોકોના મોત નિપજ્યા હતા.અને ૮૧ લોકોને ઈજા થઈ હતી.પોલીસે આ ઘટનામાં આતંકી હુમલાના એંગલથી તપાસ કરી રહી છે. હજી સુધી કોઈએ આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી.બોંબ વિસ્ફોટ થતાં અફરાતફરી મચી હતી. સત્તાવાળાઓએ બચાવ કામગીરી હાથ ધરી હતી જેમાં ૮૧ ઈજાગ્રસ્તોને હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી. આ વિસ્તારોમાં મુસ્લીમ આતંકીઓ સક્રીય હોવાનું જાણવા મળે છે.

ઈજાગ્રસ્તોમાં ૧૪ આર્મી જવાનો,૨ પોલીસ, અને ૬૫ નાગરિકોનો સમાવેશ થાય છે.લઘુમતી મુસ્લીમો દ્વારા ગયા અઠવાડિયે સધર્ન ફિલીપિન્સને સ્વાયત્તતા આપતી નવી સમજુતી કરવામાં આવી હતી તે પછી આ વિસ્ફોટની ઘટના બની હતી.વિસ્ફોટ ચર્ચની અંદર થયો હતો.હજી લોકો બીજુ કંઈ સમજે તે પહેલા બીજો વિસ્ફોટ થયો હતો.

## જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# સરકારે રોજગાર અંગેનો ડેટા જાહેર ન કરતાં એનએસસી ના બે સભ્યોના રાજીનામાં

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન તરફથી રોજગાર અને બેકારી અંગે તૈયાર કરાયેલા વાર્ષિક રિપોર્ટ(૨૦૧૭-૧૮) તૈયાર થયાના બે મહિના પછી પણ સરકારે જાહેર કર્યો નથી.મીડીયા અહેવાલો અનુસાર તેના વિરોધમાં નેશનલ સ્ટેટેસ્ટિકલ કમિશનના બે સ્વતંત્ર સભ્યો પીસી મોહનન અને જેવી મીનાક્ષીએ રાજીનામા આપી દીધા છે.

નેશનલ સ્ટેટેસ્ટીકલ કમિશન ના બે સભ્યોના રાજીનામા પછી રાજનીતીમાં ગરમાવો આવ્યો છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદામ્બરમે આ મામલે નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન તાક્યું છે. તેમણે કહ્યુ હતું કે આ સંસ્થાના આત્માને શાંતિ મળે, જ્યાં સુધી તેનો પુર્ન જન્મ ન થાય.

મીડીયા અહેવાલો અનુસાર આ મોદી સરકારમાં એનએસએસઓનો પ્રથમ રિપોર્ટ છે. અને તેમાં નોટબંધી પછી લોકોએ નોકરી અને રોજગાર ગુમાવ્યા છે તેનો ઉલ્લેખ છે.

મોહનન એનએસસીના કાર્યકારી અધ્યક્ષ પણ હતા. આ બંને સભ્યોના રાજીનામા પછી એનએસસીમાં હવે માત્ર બે સભ્યો જ રહ્યા છે.મુખ્ય સાંખ્યિકી અધિકારી પ્રવીણ શ્રીવાસ્તવ અને નતી આયોગના સીઇઓ અમિતાભ કાંત. મોહનને કહ્યુ હતું કે મે એનએસસીમાંથી રાજીનામું આપ્યું છે. અમને લાગે છે કે હાલના દિવસોમાં કમિશન અગાઉની જેમ સક્રિય રહ્યું નથી. અને અમને એમ પણ લાગે છે કે કદાચ અમે કમિશનની જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ નથી.જો કે આ બંને સભ્યોના રાજીનામા પછી સરકારે નિવેદન આપ્યું હતું કે એનએસસીના આ બંને સભ્યો છેલ્લા કેટલાક મહિનામાં કમિશનની કોઇપણ બેઠકમાં કોઇ વાંધો ઉઠાવ્યો નહોતો.કેન્દ્રીય સાંખ્યિકી તેમજ કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે એક સ્પષ્ટીકરણમાં કહ્યુ હતું કે છેલ્લા મહિનાઓમાં કમિશનની બેઠકોમાં આ સભ્યોએ કોઇ વાંધો ઉઠાવ્યો નહોતો.

# મોદીની સરકાર દુશ્મન નથી, પણ તે અમર છે તેવો ભ્રમ ના રાખે : શિવસેના

ભાજપના સાથી પક્ષ શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદકીયમાં શિવસેનાએ કોલકોતામાં વિપક્ષોની એકતા રેલી અંગે કટાક્ષ કરતાં પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા.



સામના મુખપત્રમાં લખાયું હતું કે ટીએમસી પ્રમુખ મમતા બેનરજીએ એક રેલીમાં વિપક્ષની એકતા દર્શાવી હતી. આ રેલીમાં સામેલ થનારા મોટાભાગના નેતાઓ ક્યારેક અટલ બિહારી બાજપેયીના નેતૃત્વમાં ભાજપના સહયોગી હતી.મોદીની સરકાર દેશની દુશ્મન નથી પરંતુ તેણે એવો ભ્રમ પણ ના રાખવો જોઇએ કે તેઓ અમર છે.વાસ્તવમાં મમતાએ ઉદ્વવ ઠાકરેને રેલીમાં આવવા માટે આમંત્રિત કર્યા હતા.સંપાદકીયમાં લખાયું છે કે શિવસેના માટે આશ્ચર્યની વાત છે કે ૨૨ વિપક્ષો એકસાથે આવ્યા તેનાથી પીએમ મોદી શા માટે ધ્રુજી રહ્યા છે.શિવસેનાના અનુસાર જે રીતે ભાજપને ચુંટણી લડીને સત્તામાં રહેવાનો અધિકાર છે એ રીતે વિપક્ષને પણ સરકારનો પર્દાફાશ કરવાનો અને તેને હરાવવાનો અધિકાર છે.

# સીબીઆઇના નવા વડા તરીકે ઋષિ શુકલાની નિમણુંક

આલોક વર્મા અને રાકેશ અસ્થાના વચ્ચેની લડાઇને કારણે સર્જાયેલા વિવાદ બાદ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતા વાળી ૩ સભ્યોની પસંદગી સમિતિએ મધ્યપ્રદેશના પુર્વ ડીજીપી અને ૧૯૮૩ બેચના આઇપીએસ અધિકારી ઋષિ શુકલાની સીબીઆઇના વડા તરીકે નિયુક્તિ કરી હતી.તેઓ ૨ વર્ષમાંટે કાર્યભાર સંભાળશે.વડાપ્રધાન મોદી, ચીફ જસ્ટીસ ગોગોઇ અને વિપક્ષના નેતા ખડગેની બનેલી પસંદગી સમિતિમાં સર્વ સંમતિ સંધાય ન હોવા છતાં આ નિયુક્તિ કરવામાં આવી હતી.કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેના વાંધા અવગણીને આ નિયુક્તિ કરવામાં આવી હતી.મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી કમલનાથે પાંચ દિવસ પહેલાં શુકલાને ડીજીપીપદેથી હટાવ્યા હતા.આમ તેઓ ભાજપની ગુડબુક હોવાનુ મનાય છે.

પસંદગી સમિતિએ ૧૯૮૪ બેચના સિનિયર આઇપીએસ અધિકારીઓ જાવીદ અહેમદ, રજનીકાંત મિશ્રા,અને એસ.એસ.દેશવાલના નામો પર વિચારણા થઇ હતી.જાવીદ અહેમદ કોંગ્રેસની પહેલી પસંદ હતા. સીબીઆઇ વડાની દોડમાં ૩૦થી વધુ ઉમેદવારો હતા. આ યાદીમાં છેલ્લે પાંચ અધિકારીઓને અલગ તારવવામાં આવ્યા હતા. છેલ્લે ત્રણ અધિકારીઓના નામ પર પસંદગી સમિતિમાં વિચારણા થઇ હતી

શુકલાની નિમણુંક બાબતે ખડગેએ વાંધો ઉઠાવતાં લખ્યું હતું કે સુપ્રીમના ચુકાદાનો હવાલો આપી શુકલાની સીનીયોરીટી અને ઇન્ટીગ્રીટી પર પણ સવાલો કર્યા હતા.

# શંકરસિંહ વાઘેલા એનસીપીમાં જોડાયા,રાષ્ટ્રીય મહામંત્રી પદે નિમાયા

કોંગ્રેસ સાથે છેડો ફાડી જનવિકલ્પ મોરચો ખોલનારા શંકરસિંહ વાઘેલા વિધિવત રીતે એનસીપીના સુપ્રીમો શરદ પવારના હસ્તે ખેસ પહેરી એનસીપીમાં જોડાઇ ગયા છે.એનસીપીમાં જોડાવાનું કારણ આપતાં તેમણે કહ્યુ હતું કે હાલની ભાજપ સરકારના રાજમાં લોકશાહીનું ગળું ઘોટવાનું કામ થઇ રહ્યું છે. એટલે બિનસક્રિય રહેવું ઠીક નથી. જનતાએ તેમને ખુબ પ્રેમ આપ્યો છે.એટલે હવે દેશના હિતમાં એનસીપીમાં જોડાઇ રહ્યા છે.એનસીપીએ પણ પક્ષ પ્રવેશની સાથે તેમને રાષ્ટ્રીય મહામંત્રી બનાવ્યા હતા. શંકરસિંહે કહ્યુ કે ભાજપમાં રાતોરાત કાયદાઓ બદલી રહ્યા છે.સીબીઆઇ,સુપ્રીમકોર્ટ અને સંસદના વિવાદો હવે તો જગજાહેર છે.તેઓ આગામી લોકસભાની ચુંટણી લડશે કે કેમ તે હજુ સુધી નક્કી નથી.પરંતુ તેમણે કહ્યુ કે અમે ભાજપને દેશમાંથી કાઢવાનું કામ કરી શું.

# જો લોકપાલ હોત તો તો રફાલ ગોટાળો ન થયો હતો : અન્ના હજારે



સામાજિક કાર્યકર્તા અન્ના હજારેએ ભ્રષ્ટાચાર નિરોધક કાનુન લાગુ કરવા અને ખેડુતોની માંગને લઇને ૩૦ જાન્યુ.થી અનિશ્ચિત મુદતની ભુખ હડતાલની જાહેરાત કરી છે.અન્ના હજારેએ કહ્યુ હતું કે જો લોકપાલ હોત તો રફાલ વિમાનોનો ગોટાળો થયો ના હોત.સુપ્રીમ કોર્ટના આદેશ છતાં લોકપાલઅને લોકાયુક્ત અધિનિયમ,૨૦૧૩ને લાગુ ન કરવા બદલ કેન્દ્રની ભાજપ સરકારની ટીકા કરી છે.તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે દેશ પર તાનાશાહી તરફ જવાનો ખતરો મંડાયેલો છે.છેલ્લા આઠ વર્ષથી લોકપાલની માંગણીને લઇને અન્ના હજારે આ ત્રીજી વખત ભુખ હડતાલ કરી રહ્યા છે.

સીવીલ સોસાયટીના સભ્યો અને સમુહોના નેતૃત્વ કરીને એપ્રીલ ૨૦૧૧માં પહેલી વખત રામલીલા મેદાનમાં ભુખ હડતાલ પર બેઠા હતા. તેમણે મીડીયાને કહ્યુ હતું કે મને સમજાતું નથી કે એક મહિના પહેલા બનેલી કંપનીને સહયોગી કેમ બનાવાઇ।


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨





વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેયો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.